મહેસાણાના કેન્દ્રીય વિદ્યાલયનો વાર્ષિક ઉત્સવ સંપન્ન

કેન્દ્રીય વિદ્યાલય ઓએનજીસી મહેસાણામાં આજે વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી ઉત્પલ બોરા (એસેટ મેનેજર ઓએનજીસી-મહેસાણા)ની અધ્યક્ષતામાં યોજાઈ ગઈ. જેનો વિધિવત પ્રારંભ અધ્યક્ષ દ્વારા દીપ પ્રજ્વલન કરી શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાલય પ્રાચાર્ય રીશીકુમારે મુખ્ય મહેમાન અને આમંત્રિત મહેમાનોનું સ્વાગત પુષ્પગુચ્છ આપી તથા શબ્દો દ્વારા કર્યું હતું. પ્રાચાર્યે આમંત્રિત બધા જ આગંતુકોને વાર્ષિક અહેવાલનું વાંચન કરી વિદ્યાલય પ્રગતિનો પુરા વર્ષ દરમિયાનનો રીપોર્ટ વાંચી સંભળાવ્યો હતો. શાળાના બાળકો દ્વારા રંગારૂમ સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે નાટક, ડ્રામા, કલાનૃત્ય, સમુહગાન તેમજ દેશભક્તિના કાર્યક્રમો રજુ કરી ઉપસ્થિત પ્રજાજનોના દિલ જીતી લીધા હતા. કાર્યક્રમના અંતમાં મુખ્ય અતિથિ દ્વારા આશીર્વચન રૂપે વિદ્યાલય ઉત્તરોત્તર પ્રગતિ કરે અને બાળકોના જીવન ઉજજવળ બને તેવી શુભકામના પાઠવવામાં આવી હતી. અંતમાં ધન્યવાદની વિધિ વાદ રાષ્ટ્રગીત ગાઈ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

ડીસાના ભડથ ગામે જાગીરદાર ક્ષત્રિય સમાજનું સ્નેહમિલન યોજાયું

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને સ્નેહમિલન અને વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા.૨૭

સુખી અને સમૃધ્ધ સમાજના નિર્માણ માટે વ્યસનોની બદીઓથી દૂર રહી આપણા દિકરાદિકરીઓને ઉચ્ચ શિક્ષણ અપાવીએ એમ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ભડથ મુકામે યોજાયેલ જાગીદાર ક્ષત્રિય સ્નેહમિલન અને વ્યસનમુક્તિના કાર્યક્રમમાં જણાવ્યું હતુ. તેમણે કહ્યું કે જે ક્ષણે વ્યસન મુક્તિનો જેને વિચાર આવ્યો હશે તે ક્ષણ કેટલી અદભુત હશે. મંત્રીએ કહ્યું કે ગુજરાતમાં છેલ્લા દાયકામાં શિક્ષણ ક્ષેત્રે ક્રાતિકારી પરિવર્તન આવ્યું છે. આજની પેઢીમાં શિક્ષણ પ્રત્યેની જે રુચિ છે જેનાથી ઉજજવળ ભવિષ્યનું નિર્માણ થશે. તેમણે કહ્યું કે ગુજરાતમાં ક્યાંય ન જોયો હોય તેવો વ્યસનમુક્તિ માહોલ આવતીકાલને સોનેરી બનાવશે. તેમણે આ વ્યસન મુક્તિના અઘરું કાર્ય છે તે આ સમાજ ધ્વારા શરૂ કરવામાં આવ્યું છે તેમને હું અભિનંદન પાઠવું છું.

સંકલ્પને આગળ વધારવા આહવાન કર્યું હતુ. તેમણે કહ્યું કે વ્યસન મુક્તિનું કાર્ય અઘરામાં અઘરું કાર્ય છે તે આ સમાજ ધ્વારા શરૂ કરવામાં આવ્યું છે તેમને હું અભિનંદન પાઠવું છું.

મંત્રીએ ચુડાસમાએ કહ્યું કે શાળામાં દાખલ થયેલું એકપણ બાળક અધવચ્ચેથી શિક્ષણ છોડે નહીં તેમની વાલીઓ ખાસ કાળજી રાખે તો જ ૧૦૦ ટકા સાક્ષર સમાજનું સ્વપનું સાકાર થશે. તેમણે કોમ્પ્યુટર શિક્ષણ અપાવવા પણ જણાવ્યું હતુ. તેમણે કહ્યું કે રાજય સરકાર ધ્વારા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ લઈ નોકરીની ભરતી કરવામાં આવે છે. આ નોકરીમાં સમાજના વધુમાં વધુ યુવાનો જોડાય તે માટે તાલીમ વર્ગો પણ ચલાવવામાં આવે છે અને તાલીમ વર્ગોમાં તાલીમ મેળવ્યા પછી ખુબ સારા પરિણામો મેળવી શકાય છે તેમ તેમણે જણાવ્યું હતુ.

આ પ્રસંગે અબડાસાના ધારાસભ્ય શક્તિસિંહ ગોહિલે પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતુ કે વ્યસનમુક્તિનું કાર્ય બીજા સમાજોને માટે પ્રેરણા પુરી પાડનારુ છે. તેમણે કહ્યું કે દારૂ જેવા વ્યસનના દુષણો સર્વનાશનું મૂળ છે. આપણા પરિવાર પ્રત્યેનો પ્રેમ, એકતા, સમૃધ્ધિને ટકાવી રાખવા દારૂરૂપી દુષણથી મુક્ત થવું જ પડશે. તેમણે કહ્યું કે સમયની સાથે કદમ મિલાવી અનુકુલન સાધી આગળ વધીએ. તેમણે જણાવ્યુ કે હકારાત્મક વિચારો જીવનમાં ઉત્તમ સ્થાન અપાવે છે તે પ્રમાણે અહંકારને ભુલી જઈ સમાજને માટે ઉપયોગી બનીએ.

પીંડારડા ખાતે રાજપુત યુવા પરિવાર પરિચય-સન્માન કાર્યક્રમ યોજાયો

રાજપુત પરિવારો એકબીજાની નજીક આવે તથા સમાજમાં ભાઈચારો વધે તે હેતુથી પીંડારડા ખાતે તાજેતરમાં એક સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન પ્રદ્યુમનસિંહ વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સાથે જ જિલ્લા અને તાલુકા પંચાયતના ચુંટાયેલા સભ્યોનો સન્માન સમારંભ પણ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ રાજપુત યુવાનો પરિવારો સાથે ઉપસ્થિત રહ્યા હતા. ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોના જિલ્લા અને તાલુકા પંચાયતના ચુંટાયેલા સભ્યો સર્વશ્રી સુશીલાબેન અરવિંદસિંહ વાઘેલા, જગતસિંહ બિહોલા, આશાબેન રાઠોડ તથા ભાવનાબા વાઘેલાનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રમુખસ્થાનેથી શ્રી પ્રદ્યુમનસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે યુવાનોએ શિક્ષણ અને રોજગાર ક્ષેત્રે વધુ મહેનત કરી સમાજને પ્રગતિના પંથે લઈ જવો જોઈએ. સમાજમાંથી વ્યસન અને કુરીવાજોને નાબુદ કરવા પણ તેઓએ યુવાનોને અનુરોધ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહેન્દ્રસિંહ વાઘેલાએ કર્યું હતું.

ઉલ્લેખ નથી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કૌભાંડની તપાસનો ઉલ્લેખ છે, પણ જેટલીના નામનો કોઈ ઉલ્લેખ નથી. ૨૪૭ પાનાના આ રિપોર્ટમાં જેટલી તરફથી કોઈ પણ પ્રકારની છેતરપીંડી કે કંઈ ખોટું કર્યાની વાત નથી. આ રિપોર્ટમાં જેટલીના કાર્યકાળમાં પણ કોઈ કૌભાંડ થયાનો ઉલ્લેખ સદ્ધા નથી. ભારે હોબાળો થયા બાદ દિલ્હી સરકારે ગોપાલ સુબ્રમણ્યમની આગેવાનીમાં એક તપાસ સમિતિની રચના કરી હતી. અરવિંદ કેજરીવાલે પોતાના ચીફ સેક્રેટરી ઓફિસમાં સીબીઆઈના દરોડાને કેન્દ્રમાં રાખીને આરોપ લગાવ્યા હતા. કેજરીવાલે કહ્યું કે તેમની ઓફિસમાંથી ડીડીસેએ કૌભાંડની ફાઈલો ઉઠાવવા માટે રેડ પાડવામાં આવી હતી. કેમ કે તેમાં અરૂણ જેટલીને ફસાવવાના છે. પાર્ટીમાંથી બહાર કાઢવામાં આવતા આઝાદે કહ્યું કે હું ભાજપ સાથે છેલ્લા ૨૨ વર્ષોથી જોડાયેલો છું. મારી પાર્ટીમાં ડેમોક્રેટિક કલ્ચર છે અને મને આશા છે કે મને પીએમઓમાંથી જબાવ મળશે. હું પીએમને કહેવા માગું છું કે તેમણે સામે આવીને મને મારો ગુનો કહેવો જોઈએ. હું જાણવા માગું છું કે શું મને ડીડીસીએમાં ભ્રષ્ટાચાર વિરૂદ્ધ અવાજ ઉઠાવવા બદલ સજા આપવામાં આવી છે. હું જવાબ માગું છું. પાર્ટીએ કહેવું જોઈએ કે મેં કોની સાથે સાંઠ-ગાંઠ કરી. અમિત શાહે મોકલાવેલા પત્રમાં સાંઠ-ગાંઠનો ઉલ્લેખ હતો. પાર્ટીના માર્ગદર્શન મંડળે આ મામલે દખલગીરી કરવી જોઈએ. આ પહેલાં કીર્તિ આઝાદને ડીડીસીએમાંથી પણ બહાર કાઢવા અંગે અહેવાલો હતા. તેમની સાથે પૂર્વ ક્રિકેટર બિશન સિંહ બેદી, સુરેન્દર ખન્ના, સમીર બહાદુરને પણ બહાર કાઢવાનું એલાન શનિવારે થવાનું હતું.

ઐતિહાસિક નિર્ણય

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જિલ્લામાં પહેલીવાર તંત્રએ લીધેલા આ આકરાં પગલાંને કારણે લાભાર્થીઓ પણ હવે તેમના કામમાં ગતિ લાવવાની દિશામાં સક્રિય બન્યાનું તંત્રના સૂત્રોનું કહેવું છે.

લાભાર્થીઓને આવાસ નિર્માણ માટે અપાયેલ પ્લોટ તેમજ નાણાંકીય સહાયના લાભ પરત લેવાના આ નિર્ણય સૌને ચોંકાવી દીધા છે.

મળતા નિર્દેશો મુજબ જિલ્લા તંત્રએ આ નિર્ણયની જાણ રાજય સરકારને પણ કરી દીધીછે. જેને બહાલી પણ આવી દેવામાં આવી છે.

જિલ્લામાં આવાસ યોજનાના અમલીકરણમાં હવે કોઈ પણ સ્તરે વિલંબને સાંખી લેવામાં આવશે નહિ એવા સ્પષ્ટ સંકેતો તમામ તાલુકા વિકાસ અધિકારીઓને આપી દેવામાં આવ્યાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

પદભાર સંભાળશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ચૌધરી, પૂર્વ ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, વિક્રમ ખાચર, મુકેશભાઈ જુગાજી ઠાકોર, સેંધાજી ઠાકોર, ચીમનભાઈ વિંઝુડા, અરવિંદસિંહ સોલંકી, ભરતભાઈ પટેલ, જયદીપસિંહ ઠાકોર, શહેર પ્રમુખો જયંતીભાઈ પટેલ, પિનાકીનભાઈ બ્રહ્મભટ્ટ, ભૂપેન્દ્રસિંહ રાઠોડ, તાલુકા પંચાયતના પ્રમુખો જગતસિંહ બિહોલા, આશાબેન ઝાલા, જિલ્લા તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાના સદસ્યો, સેલ-ડીપાર્ટમેન્ટના પદાધિકારીઓ, વિવિધ ક્ષેત્રોના આગેવાનો, યુવક કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, એનએસયુઆઈ અને સેવાદળના પદાધિકારીઓ વિગેરે ઉપસ્થિત રહેશે. કોંગ્રેસના તમામ કાર્યકરો-આગેવાનો જિલ્લા પંચાયત સેકટર-૧૭ ખાતે બપોરે ૧૨.૦૦ કલાકે ઉપસ્થિત રહેવા જિલ્લા કોંગ્રેસની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

બીજો રાઉન્ડ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જયારે જાન્યુઆરી - ૨૦૧૬માં તા. ૧ થી ૬માં ઠંડા પવનો ફુંકાય. સપ્ત ઠંડી સાથે ન્યુનતમ તાપમાન ઘટવાના યોગો રહે. ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છના કેટલાક ભાગોમાં ન્યુનતમ તાપમાન ૮.૦ ડિગ્રી સેલ્સીયસથી પણ ઘટવાની વકી રહે. ઉત્તર ગુજરાત, કચ્છ, સોરઠ, ગીરનારના ભાગોમાં ન્યુનતમ તાપમાન ઘટવાની સંભાવના રહે. યુરોપીયન દેશોમાં હવામાનમાં ભારે પલટા જણાય. વરસાદ-ઠંડી રહે. છેક ઉત્તર ભારતથી લઈ ગુજરાત સુધીના વિસ્તારોમાં જાન્યુઆરી ૨૦૧૬ની તા. ૮ થી ૧૫માં પશ્ચિમી વિક્ષેપની અસરોથી દેશના પશ્ચિમ ભાગમાં વાદળવાયુ કે કમોસમી વરસાદની વકી રહે. જયારે કાશ્મીર સહીત દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષાના યોગો રહે. રાજસ્થાન, દિલ્હી, હરીયાણા, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, પૂના, ગુજરાત સહિતના ભાગો ઉપરાંત આસામ-બંગાળ સહિતના ભાગોમાં પણ વાદળવાયુ કે કેટલાક ભાગોમાં કમોસમી વરસાદની વકી રહે. લઘુત્તમ ઉષ્ણતામાનમાં વધઘટ રહે. ઠંડીથી ઉભા કૃષિ પાકો સારા થવાની ધારણા રહે જયારે તેલીબીયા જેવા પાકોમાં ઠંડીની થોડી ઘણી વિપરીત અસર પણ જણાય. એકંદરે રવિ પાકો માટે ઠંડીના યોગો સારા ગણાય.

ગાબડા પુરવા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ધરવામાં આવ્યો હતો. જેના અંતે ફુટપાથની બાકી કામગીરી પણ પુર્ણ કરવામાં આવી હતી. જયારે હાલની સ્થિતિએ દાયકાના અંતે નગરમાં મુખ્ય માર્ગો સહીતની ફુટપાથની હાલત બદતર બની છે. શહેરના સ્થાનિક રહીશોની જાગૃતિના અભાવે તેમજ તંત્ર દ્વારા યોગ્ય જાળવણીના થતા ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. ત્યારે તંત્ર દ્વારા ફુટપાથની જાળવણીને અનુલક્ષી ખાસ કામગીરી હાથ ધરવામાં આવનાર છે. શહેરમાં હાલ એકબાજુ રસ્તાની કામગીરી ચાલી રહી છે. ત્યારે ટુંકમાં જ ફુટપાથના ગાબડા પુરવા પણ કામ હાથ ધરવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૪ લાખનો ખર્ચ કરવામાં આવશે ફુટપાથના સમારકામ માટે ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. ટુંકમાં જ કામ શરૂ કરી દેવાશે.

અહેવાલ આપવો પડશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

શૈક્ષણિક સિવાય ઈત્તરપ્રવૃત્તિઓ, શાળાઓમાં કોમ્પ્યુટર લેબ, વાંચનાલયની સુવિધા છે તો તેમાં કેટલા બાળકો લાભ લઈ રહ્યા છે તેની વિગતોની ચકાસણી પણ કરવાની રહેશે.

મૂલ્યાંકનકારે શાળા મેનેજમેન્ટ કમિટી ઉપરાંત ગામના આગેવાનો સાથે પણ શાળાની પ્રવૃત્તિ અને શૈક્ષણિક સ્તરને લઈ ચર્ચા કરી તેમાં મળેલા સૂચનો તેના અહેવાલમાં દર્શાવવાના રહેશે તેમ શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

ઉમદા અભિયાન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગૃપ દ્વારા ઉમદા કાર્ય કરવામાં આવ્યુ હતુ. હાર્લી ગૃપના અમદાવાદ અને ગાંધીનગરના યુવાનોએ ભેગા મળી સે-૧૯ સ્પેશ્યલ ચાઈલ્ડ હોમના બાળકોની ઈચ્છાઓ અંગે જાણકારી મેળવી હતી. ત્યારબાદ ચાઈલ્ડ હોમના ૪૮ બાળકોની વિશ પુરી કરવા માટે ગૃપના યુવાનોએ તત્પરતા દાખવી હતી. જેના અંતે ગૃપના યુવાનોએ જરૂરી ફંડ એકત્રિત કરીને ચાઈલ્ડ હોમના બાળકોને સાઈકલ, વિડિયો ગેમ, ટેબલેટ , કપડા , ટ્રોલી બેગ અને રમકડા જેવી ચીજવસ્તુઓ આપી હતી. પોતાની ઈચ્છાઓની પુર્તિ થતા હોમના બાળકોમાં ખુશીનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. ગૃપના યુવાનોએ જણાંવ્યુ હતુ કે અભિનેતા જોન અબ્રાહીમના માતા મુંબઈમાં મેક માઈ વિશ નામનુ ગૃપ ચલાવી આ પ્રકારની ઉત્તમ પ્રવૃતિ કરે છે. જેના લીધે હાર્લી ગૃપના યુવાનોને પણ પ્રેરણા મળી હતી. ત્યારબાદ ચાઈલ્ડ હોમના બાળકોની વિશ પુરી કરવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. હાર્લી ડેવિડસન ગૃપના રાઈટર્સે આ તબક્કે ખુશી સાથે આત્મસંતોષની લાગણી વ્યકત કરી હતી.

આજે પ્રદેશ ભાજપની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૭

પ્રદેશ ભાજપ આગેવાનોની આવતીકાલે મળનારી મહત્ત્વની બેઠકમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપને મળેલા પરાજય અંગે મંથન કરીને ભાજપનો જનાધાર પાછો મેળવવા માટેની વ્યુહરચના ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને પ્રભારી ડૉ. દિનેશ શર્માની ઉપસ્થિતિમાં પ્રદેશ આગેવાનોની બેઠક મળનારી છે.

આ બેઠકમાં તાજેતરમાં રાજયમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં જિલ્લા તાલુકા પંચાયતોમાં ભાજપને થયેલા કારમા પરાજય અંગે મંથક કરીને પરાજયના કારણો શોધવામાં આવશે અને ત્યારબાદ ભાવી કાર્યક્રમો ઘડી કાઢવામાં આવશે.

૧૬૦૦ સ્કૂલોના વિદ્યાર્થીએ બોર્ડની પરીક્ષા આપી જ નથી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ સમક્ષ નોંધાયેલી આશરે ૧૬૦૦ જેટલી સ્કૂલો એવી નોંધાઈ છે જે સ્કૂલોમાંથી છેલ્લા એક દશકમાં ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષામાં કોઈપણ વિદ્યાર્થી નોંધાયા નથી. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેની ચોંકાવનારી માહિતી હાલમાં જ જારી કરવામાં આવી છે.આનો મતલબ એ થયો કે, બોર્ડે ૧૬૦૦ જેટલી ભૂતિયા સ્કૂલ શોધી કાઢી છે. આ સ્કૂલોમાંથી એક પણ વિદ્યાર્થીએ છેલ્લા ૧૦ વર્ષમાં બોર્ડની પરીક્ષા આપી નથી. બોર્ડે છેલ્લા ૧૦ વર્ષના નોંધણીના આંકડામાં ચકાસણી કર્યા બાદ આ માહિતી શોધી કાઢી છે. શરૂઆતમાં ૨૧૦૦ સ્કૂલો ઉપર શંકા દેખાઈ રહી હતી પરંતુ મોડેથી આ સંખ્યા ઘટીને ૧૬૦૦ થઈ હતી. બોર્ડે વોચલિસ્ટમાં આ ખામી ધરાવતી સ્કૂલોને મુકી દેવા પરીક્ષા વિભાગને સૂચના આપી હતી. સાથે સાથે એમ પણ કહ્યુંહતુંકે, માર્ચ ૨૦૧૬માં પણ બોર્ડની પરીક્ષા માટે જો કોઈ વિદ્યાર્થી ન નોંધાય તો આવી સ્કૂલોની માન્યતાને રદ કરી દેવામાં આવે.

આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ કર્ક

આજના ગ્રહોની કુંડળી



માલાયોગ શુભ છે ● શુભ દિવસ

મેષ છઠ્ઠે રાહુ - સાતમે મંગળને કારણે પેટ-પેડુના દર્દથી સંભાળવું, ક્રોધ ન કરવો.

વૃષભ સાતમે શુક્ર - શનિ આકસ્મિક લાભ અપાવે, છઠ્ઠે મંગળ શત્રુ પર વિજય અપાવે.

મિથુન ત્રીજે ગુરુ પ્રબળ ભાગ્ય યોગ કરાવે છે. ચોથે રાહુથી વ્યગ્રતા રહે.

કર્ક સ્વગૃહી ચંદ્ર સર્જનાત્મક પ્રગતિ કરાવે. ચોથે મંગળ વિના કારણ ક્રોધ કરાવે.

સિંહ ગુરુનું રાશિ ભ્રમણ વધુ ઉન્નતિ કરાવે. શુભ - ધર્મ કાર્યો કરાવે.

કન્યા બીજે મંગળ, ચોથે સૂર્ય ને રાશિમાં રાહુ સાવચેતીથી ચાલવાનું સૂચવે છે. ક્રોધ પર કાબુ રાખવો, શાંતિ રાખવી.

તુલા બારમે રાહુ તેમજ ત્રીજે સૂર્ય વગર વિચાર્યું. સાહસ કરાવે, જે નુકસાનકારક પુરવાર થાય.

વૃશ્ચિક રાશિમાં શુક્ર શનિની યુતિ રોમાન્ટીક બનાવે. સંયમ રાખી પ્રગતિકારક કાર્યો કરવા. દાન પણ્ય કરવા.

ધન રાશિમાં સૂર્ય ગુરુથી દ્રષ્ટ છે. શુભ-ધર્મ કાર્યો કરવા.

મકર સાતમે ચંદ્ર - દસમે મંગળ તેમજ અગિયારમે શનિ દરેક ક્ષેત્રમાં ઉન્નતિ કરાવે.

કુંભ સાતમે ગુરુ ધાર્મિક બનાવે. બારમે બુધ નુકસાન ન કરાવે તેનું ધ્યાન રાખવું.

મીન સાતમે કન્યાનો રાહુ ભ્રમિત રાખે. આઠમે મંગળ નુકસાન ન કરાવે તેનું ધ્યાન રાખવું.

દિયોદર તાલુકાના ડાઉઆ ગામે ઉધાર મસાલો આપવાની ના પાડતા દુકાનદાર પર હુમલો

દિયોદર, તા.૨૭

ડાઉઆ ગામે દારૂડીયા અને અસામાજીક તત્વોનો ત્રાસ વધી રહ્યો છે. દિયોદર તાલુકાના ડાઉઆ ગામે રહેતા સેંધાજી અમરતજી ઠાકોર છુટક કરીયાણુ અને પાર્લરનો ધંધો કરે છે સાંજના સુમારે પોતે દુકાન ઉપર બેઠા હતા ત્યારે તેજ ગામનો લક્ષ્મણ દેવચંદ ઠાકોર અને જયંતિ દેવચંદ ઠાકોર બંને જણાએ દુકાન ઉપર આવી ઉધાર મસાલો માંગેલ. ફરિયાદીએ મસાલો આપવાની ના પાડતા બંને જણાએ ઉશ્કેરાઈ જઈ દુકાનમાંથી ખેંચી બહાર લાવી ધોકા અને ગડદાપાટુનો માર મારવા લાગેલ. તેમનો નાનો ભાઈ શાંતિભાઈ છોડાવા વચ્ચે પડતા તેમને પણ માર મારતા આંખ ઉપર ઈજા થતાં તાત્કાલીક દિયોદર દવાખાને તેમને સારવાર કરાવેલ અને આ બાબતે દિયોદર પોલીસને ફરિયાદ આપતા દિયોદર પોલીસે તપાસ હાથ ધરી છે.

આ બાબતે તેઓ જણાવે છે કે ડાઉઆ ગામમાં ખુલ્લેઆમ દારૂનો વેપલો થઈ રહ્યો છે. સાંજે દારૂ પી છાકટા બની ગાળાગાળી કરતા યુવાનો જોવા મળે છે સાંજના સમયે મા-બહેન દુધ ભરાવા પણ જઈ શકતી નથી. આ બાબતે પોલીસ સ્ટેશનમાં મૌખિક જાણ કરેલ છે છતાં હજુ સુધી કોઈ પગલાં લેવાયા નથી.

બાંઠીવાડા રામગઢી માર્ગ પાસે શાળાના કર્મચારીનો મૃતદેહ મળી આવતા ચકચાર

ઈસરી, તા.૨૭

મેઘરજ નજીક બાંઠીવાડા રામગઢી માર્ગ પાસે ખાડામાં શાળાના

કર્મચારીનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. આ મામલે મેઘરજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મેઘરજની પી.સી. એન હાઈસ્કૂલમાં પટાવાળા તરીકે છેલ્લા ઘણા સમયથી બાબુભાઈ વણકર ફરજ બજાવતા હતા. ગતરોજ સાંજે મેઘરજથી ૩ કિ.મી. દૂર બાંઠીવાડા ગામે કોઈ કામ અર્થે પોતાનું બાઈક નં. જીજે.૯.એપી.૨૦૦૬ લઈને ઘરથી નિકળ્યા હતા. જેઓ મોડી રાત સુધી ઘરે પરત ન ફરતા તેમના પરિવારજનોએ શોધખોળ હાત ધરી હતી પરંતુ તેમ છતાં તેમની કોઈ ભાળ મળી ન હતી. જયારે બીજા દિવસે બાબુભાઈનો મૃતદેહ બાંઠીવાડાની સીમમાં ખાડામાં પડેલો મળ્યો હતો. આથી પોલીસે આ મામલે ગુનો નોંધી મૃત્યુ કે હત્યા પાછળનું સાચું કારણ શોધવા તજવીજ હાથ ધરી છે.